સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ગુજરાતના ભગીરથે ફરજ બજાવી દીધી,
ગુજરાતની ધરતી સમૃદ્ધિથી સજાવી દીધી,
લજાવી દીધી રાજકારણની મેલી રમતને -
આવતાંની સાથે જ જય-જયકાર ગાજાવી દીધી.

હાઈકુ

ખોલી નાખ્યાં,
બહુમત ચાવીથી -
વિકાસ દ્વાર

અમિત શાહ,
બેઠા પ્રમુખ પદે -
મોટા ખેલાડી..

ચિંતન

ઉન્નતં પદમવાપ્ય યો લઘુર્હેલયૈવ સ પતેદિતિ ધ્રુવન ।
શૈલ શેખરગતઃ પૃષગ્દણશ્ચારુમારુત ધુતઃ પતત્યધઃ ॥

સુભાષિત રત્નભાંડાગારના 'દુર્જનનિંદા' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે : અહીં તદ્દન નિમ્નકક્ષાના દૃષ્ટાંત દ્વારા દુર્જનનો પરિચય આપવામાં આવ્યો છે :

'પર્વતના શિખર ઉગેલાં ઉંચાં વૃક્ષોનાં પાંદડાં પર પડેલાં જલ બિંદુઓ પવનના હલાવવાથી તરત નીચે પડી જાય છે અર્થાત લાંબો સમય એ ઉચ્ચાં-શ્રેષ્ઠ સ્થાન પર ટકતાં નથી - ટકી શકતાં નથી - ત્યારે જાતે જ કબૂલે છે કે લાયકાત વિનાનો હલકો માણસ ગમે તેટલું ઊંચ ચડે પણ ત્યાં તો લાંબો સમય ટકી શકતો નથી અને તરત જ નીચે પડી જાય છે.'

દુર્જન અને ખરાબ સ્વભાવની વ્યક્તિ યુક્તિ-પ્રયુક્તિથી ઊંચા સ્થાને લાયકાત વિના બેસી તો જાય છે પણ અણઆવડતને કારણે જ જાજો સમય રહી નથી શકતી - તોફાન અને સમસ્યાઓ સામે ઝૂકી પડે છે.

સુવિચાર

- ધર્મ વગરના માણસને જીવતો હોવા છતાં મરેલો સમજવો.. અને ધર્મ પરાયણ માણસ મરીને પણ જીવંત રહે છે **- સ્વામિ અનુભવાનંદજી**
- માતા, પિતા, મિત્ર તેના સ્વભાવ પ્રમાણે કોઇ પણ જાતની અપેક્ષા રાખ્યા વગર આપણા હિતનો જ વિચાર કરે છે... અને એ સિવાયના જે કંઇ કરે છે તેમાં આપણું નહીં તેનું જ હિત હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સફળ થવા માટે માત્ર ઇચ્છા હોય તેનાથી ન ચાલે... ઇરાદો મજબૂત હોવો જોઇએ... અંદર એક આગ લાગવી જોઇએ અને એ આગમાં ધ્યેય પ્રાપ્તિના વિચાર સિવાયના બાકીના બધા જ વિચાર બળી જવા જોઇએ **- જ્ઞાનસૂત્ર**
- સંબંધોને જાળવવા અને વિકસાવવા માટે સામે વાળી વ્યક્તિ મારા માટે શું કરે છે એ નહીં હું સામેવાળી વ્યક્તિ માટે શું કરી શકું એ ભાવના રાખજો **- મુનિ ભાનુચંદ્રવિજયજી**
- ઘરે ઘરે જઇ ભીખ માંગનાર ભિક્ષુક એવો ઉપદેશ આપે છે કે કોઇને કંઇ ન આપવાનું ફળ જાણવું હોય તો મને જોઇ લો **- અખંડ આનંદ**
- સૌનું જે થવાનું હોય તે થાય હું તો મારું જ ભલું કરું એવી વિચારસરણી છે ત્યાં નર્ક છે અને મારું જે થવું હોય તે થાય, પહેલાં હું તારું ભલું કરું આવી ભાવના છે ત્યાં સ્વર્ગ છે **- સુભાષિત**
- આપણી ક્ષમતા બહારના કામનો આરંભ ન કરવો.. એ બુદ્ધિશાળી માણસનું પ્રથમ લક્ષણ છે.. અને શરૂ કરેલ કામ પૂર્ણ કરીને જ નિરાંતનો શ્વાસ લેવો એ બુદ્ધિશાળીનું બીજું લક્ષણ છે **- ડૉ. વિક્રમ સારાભાઇ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

લાલા કાકા ખૂબ જ કંજૂસ, શેઠ હતા. તેમના પુત્રો-પુત્રી પરિવાર તેમની કજૂસાઇથી ત્રાંસી ગયાં હતા. કોઇ તેમને હૃદયથી ચાહતાં ન હતા. માત્ર સંબંધ સાચવતાં. કાકા માંદગીમાં પટકાયા. પત્ની સિવાય કોઇ પૂછયું ન હતું. એણે નિખાલસ હૃદયે પત્નીને પૂછયું, મારું ધન-સમૃદ્ધિ મારા મર્યા પછી તો બધાં છોકરાની જ છે છતાં હું શા માટે અળખામણો છું?

પત્ની કહે - તમે ગુસ્સે ન થાવ તો એક વાર્તા કહું!

કાકા કહે કહે - હું ગુસ્સો નહીં કરું..

કાકી કહે એક વખત ડુક્કરે, ગાયને પ્રશ્ન કર્યો. હું લોકોની ગંદકી સાફ કરવામાં મદદરૂપ છું; મૃત્યુ પછી મારું માંસ એ લોકો લિજ્જતથી ખાય છે અને મારા પગનું અથાણું તો એમને ખૂબ જ પ્રિય છે આમ છતાં હું અળખામણું કેમ છું?

ગાય કહે - તારું શરીર-માંસ લોકો તારા મરી ગયા પછી જ ખાય છે. હું જીવતાં જીવત જ લોકોને ખાતર, મૂત્ર અને દૂધ આપું છું જે આયુર્વેદ ઔષધ, ખેતી અને દૂધ શારીરિક પોષણ માટે છે. જે જીવતાં જીવત હાથેથી પૂન્ય-દાન કરે એની પૂજા થાય-મૃત્યુ પછી તો મુકી જ જવાનું છે ને!

કાકાએ પરિવાર જનો અને સંસ્થાને દાન-પૂણ્ય કર્યા અને એક માસમાં અવશાન પામ્યા. લોકોમાં વાહ-વાહ થઇ ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

જીવનનું લક્ષ્ય નક્કી કરી, તેજ માર્ગ પર આગળ વધવા માટે મનની દૃઢતા જાળવીએ અને આ માટે પ્રભુની ઉપાસના કરીએ

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

'હે પરમાત્મા, મને શુભ સંકલ્પમાં દૃઢતા પ્રદાન કરો. સર્વ પ્રાણીઓ મને મિત્રની દૃષ્ટિથી જુવે. હું પણ સર્વ પ્રાણીઓને મિત્રની નજરે નિહાળું. મારા મનનાં સંકલ્પો તથા પ્રયત્નો પૂર્ણ થાઓ. હૃદયની સ્વસ્થતા તથા મનની સ્વચ્છતા માટે અમે તમારી ઉપાસના કરીએ છીએ. અંધકાર દૂર કરો, પ્રકાશ પસારો.'

- અથર્વવેદ

અથર્વવેદનો આ મંત્ર પ્રકૃતિ તરફ તથા સ્વજાત પ્રત્યે દૃષ્ટિ કરવાનો સંકેત કરે છે. આપણે મોટા ભાગે તો સ્વપ્ન સેવીઓ છીએ. સ્વપ્નદૃષ્ટા નથી. આપણાં સ્વપ્નો અવાસ્તવિક તરંગો સમાન હોય છે. મનની હરિયાળીને લીલીછમ બનાવી દે તેવા ઉચ્ચ વિચારો તથા સંકલ્પો ભાગ્યે જ થતા હોય છે. વિચારોની પામરતાં એ આપણી પ્રાથમિક લાક્ષણિકતા છે. જયાં વિચારોની ઉચ્ચતા છે. ત્યાં તેના આચરણમાં દૃઢતાનો અભાવ વર્તાય છે. એક શુભ વિચાર પર વારંવાર ચિંતન કરી તેને દૃઢ - સંકલ્પમાં પરિવર્તન કરવો, એ ચિંતનના જ નિચોડરૂપે જે સંકલ્પ પ્રાપ્ત થયો હોય તેને દૃઢતાંપૂર્વક વળગી રહેવું. એ માર્ગ પર પ્રસ્થાન કરવાથી જીવન-સાફલ્ય - જીવનનું સારભૂત તત્ત્વ પામી શકાય છે. ઘણી વ્યક્તિઓના સંકલ્પો દૃઢ તો હોય છે. પરંતુ તે શુભ ભાવના સંપન્ન નથી હોતા. અશુભ સંકલ્પો અને તેવા જ અશુભ વિચારો, તેના વિચારકોની અજાણમાં જ વાતાવરણને પ્રદૂષિત કરતા રહે છે. આ રીતે પ્રદૂષિત થયેલા વાતાવરણને પવિત્ર કરવાનું કાર્ય તો બળિષ્ઠ શુભ વિચારો જ કરી શકે છે. વેદમાં આ માટે તો શુભ-સંકલ્પના મંત્રો છે. જેમાં અમારું આ મન સદૈવ શુભ તથા કલ્યાણકારી સંકલ્પો કરતું રહે તેવી પ્રાર્થના છે. આ કાર્ય સતત થતું રહે તે માટે જૈન - શાસ્ત્રમાં પણ એક સૂત્ર છે. 'અનુમોદનિયમ્ - કુશલંમ્' અર્થાત્ આપણી આસપાસ જયાં - જયાં અને જે - જે નાના મોટા સત્કાર્યો થતા હોય તેને અનુમોદન આપવું. તે માટે પ્રસન્નતા વ્યક્ત કરવી. શુભ કર્મોની વગર- વિચારે ક્યારેક ટીકા ન કરવી. આપણું અનુમોદન શુભ વિચારની અસરોને વિસ્તારે છે. તેને વ્યાપક બનાવે છે. અશુભ વિચારોની અસર એસિડ જેવી જલદ-દાહક હોય છે. જયારે કલ્યાણકારી વિચારો મનમાં શાંતિ અર્પે છે. તે શીતલ પાણી સમાન છે. અશુભનો પ્રતિકાર માત્ર શુભ ભાવનાથી જ થાય. આ માટે વેદના ઋષિ પરમ-તત્ત્વને પ્રાર્થના કરે છે. જૈન મુની તો ત્યાં સુધી કહે છે. 'મિચ્છામિ દુક્કડમ' સાથે ઇચ્છામિ સુકૃત્યમ્' પણ બોલવું. અર્થાત મારા અશુભ ભાવો નષ્ટ થાઓ. આપના સદ્-કાર્યો વૃદ્ધિ પામો. સંકલ્પોની પૂર્ણતા માટે આચરણની દૃઢતા મહત્ત્વની બાબત છે. જે - જે વ્યક્તિઓએ પોતાના સ્વપ્નો સાકાર કર્યા છે. તે સૌએ ખંત-પૂર્વક પુરતી મહેનત કરી છે. વિચારોનાં તરંગોમાં અટવાયા કરવાથી કે દિવાસ્વપ્નો જોઇ નિષ્ક્રિય બેસી રહેવાથી કોઇ સફળતા પ્રાપ્ત થતી નથી.

વિચારોનાં તરંગોમાં અટવાયા કરવાથી કે દિવાસ્વપ્નો જોઇ નિષ્ક્રિય બેસી રહેવાથી કોઇ સફળતા પ્રાપ્ત થતી નથી

સંકલ્પનાની દૃઢતા માટે પોતાનો વિચાર, એક તરંગ માત્ર નથી. પરંતુ વાસ્તવિક બીજ ધરાવતો ઘનીભૂત વિચાર છે. તે માત્ર કલ્પના નથી. અને જો કલ્પના હોય તો પણ સર્જનાત્મક કલ્પના છે અને તેને સાકાર દેહ આપી શકાય તેમ છે. તેવી સ્પષ્ટતા વિચારકના મનમાં હોવી જોઇએ. સંકલ્પ દૃઢ થયા પછી તેને વાસ્તવિક ભૂમિ પર ઉતારવા માટેનાં માર્ગો તથા આયોજન આપોઆપ સ્પષ્ટ થવા લાગે છે. ઘણી વ્યક્તિઓ નસીબ-તત્ત્વનો આશ્રય કરી પોતાના શુભ સંકલ્પોને પણ આચરણમાં મુકવાની હિંમત દર્શાવતા નથી પરંતુ યાદ રાખવા જેવું છે કે તમામ શુભ-સંકલ્પોની પરિપૂર્તિ માટે પ્રકૃતિ તમામ પ્રકારની મદદ પુરી પાડે છે.

પરમ-તત્ત્વ પરમાત્મા પણ આ માટે તૈયાર હોય છે. આપણી કાર્ય-સંપન્ન કરવાની દૃઢતા પરમ પ્રકૃતિના મહત્ત્વના સહયોગનો આધાર છે.

પ્રકૃતિનો સહયોગ કેમ પ્રાપ્ત કરવો તેનો માર્ગ પણ ઋષિ દર્શાવે છે. કવિશ્રી ઉમાશંકર પોતાના કાવ્યમાં લખે છે.

"વિશાળ આ જગ વિસ્તરે નથી માત્ર માનવી
પશુ છે પછી છે વળી છે વનોની વનસ્પતિ"

આ અતિ વિશાળ સમૃદ્ધિ વિશ્વ માત્ર માનવની જ સંપત્તિ નથી. પશુ, પક્ષી તથા વનસ્પતિનું પણ તેમાં યોગ્યદાન છે. આ તો 'ઇશનું રાજય છે. માનવેતર તમામ સૃષ્ટિ પરત્વે આપણી દૃષ્ટિ વિવેકપૂર્ણ હોવી જોઇએ. આજે તો માનવેતર તમામ વિભાગો સાથેનો આપણો સંબંધ માત્ર ઉદર - પોષણનો જ છે.'

આપણી અતિ નિકટ વસતા તથા પાલતું ગણાતા પશુ-પક્ષીનાં મનોભાવો પણ આપણે નથી સમજી શકતા પોતાના સમાજ તથા વાતાવરણથી સાવ અલગ પડી ગયેલો આ પશુ-પક્ષીઓને ભલે સોનાના પિંજરામાં રાખીએ. પરંતુ તેઓ આપણને કંઇ દૃષ્ટિથી જોતા હશે તે જાણવાનું કોઇ સાધન નથી. એક માત્ર પ્રેમ-ભાવથી આપણે તેઓની વધારેમાં વધારે નજીક જઇ શકીએ. પ્રેમભાવના જ્ઞાનેન્દ્રિયોને સ્પર્શ છે અને સમગ્ર વિશ્વમાં જે ચૈતન્ય પથરાયું છે. જે ચૈતન્ય આપણામાં છે તે જ ચૈતન્ય આ સૃષ્ટિઓ પણ ધરાવે છે. પ્રેમભાવ નિઃસ્વાર્થ હોય તેમજ અસરકારક સાબિત થાય. વળી પ્રેમ ઘણીવાર મોહમાં પલટાય ને મોહ રાગ જન્માવે. જેને શાસ્ત્રો દોષ ગણે છે. આ દોષથી મુક્ત રહેવા માટે તમામ સૃષ્ટિ પરત્વે ખાસ મિત્રભાવે જોવાની ઋષિ સલાહ આપે છે. જો આપણે અન્ય પાસેથી પ્રેમ-માન તથા આદરની અપેક્ષા રાખીએ તો આપણે પણ અન્ય સાથે તેવો જ વ્યવહાર રાખવો જોઇએ. તેથી સમગ્ર પ્રાણી જગત પરતો 'મિત્રસ્ય ચક્ષુસા' જોવાની ટેવ પાડવી. આપણી આ નજરનો પ્રતિભાવ તુરત મળે છે. ઘણાં ઋષિના આશ્રમોમાં વાઘ-બકરી એક આરે પાણી પાતાં - તેવું વાતોમાં આવે છે. આ અશકય નથી ઋષિની પ્રેમ તથા અહિંસાની ભાવના એટલી તો પ્રબલતમ હતી કે વાતાવરણ શુભ બની જતું માત. આદર તથા પ્રેમનું સંયુક્ત નામ જ મિત્રતા. આ છે મૈત્રી, ઐક્ય આપે છે. આનિચ્છિયતાનું નિવારણ તથા અનીતિનું નિરાકરણ કરી સત્પ્રેરણાનો વ્યવહાર કરવામાં આવે છે. પછાતપણાને કારણે માનવીનું ભાવનાત્મક પતન થાય છે. પશુપક્ષી તરફ માનવીય ગૌરવને અનુરૂપ ઉદારતાપૂર્વકનું વર્તન, માયાળુ કરૂમામય ભાવ-દર્શન પશુ-પક્ષી સાથે આત્મિયત - સંબંધ સ્થાપવામાં મદદરૂપ બને છે.

માનવીય પ્રયત્નોની સફળતાનો આધાર ભગવત કૃપા પર છે. ઋષિ પરમાત્મા પાસે હૃદયની સ્વસ્થતા તથા મનની સ્વચ્છતા માગે છે. જીવનના લાંબા ગાળા દરમિયાન આવતા આઘાતો એમ સ્વસ્થતા પૂર્વક ઝીલી શકીએ. ક્યારેક લાગણીના આવેગમાં તણાઇ કોઇ પરત્વે કટુ વચન ન બોલીએ. સ્વમત પરત્વે વિવેકપૂર્ણ વિચારીએ તેવું લાગણી-સભર પણ સ્વસ્થ હૃદયની ઋષિ ઇચ્છા ધરાવે છે. હૃદયની સ્વચ્છતા સાથે મનની સ્વચ્છતા પણ અતિ જરૂરી છે. આપણા મનમાં કુવિચારો ન આવે. કુટીલ વિચાર ક્યારેક ન કરીએ. સ્વચ્છ શાંત મને પરમાત્મા પર તો દૃઢ-શ્રદ્ધા રાખીએ. જીવનનું લક્ષ્ય નક્કી કરી. તેજ માર્ગ પર આગળ વધવા માટે મનની દૃઢતા જાળવીએ અને આ માટે પ્રભુની ઉપાસના કરીએ.

આમ આ મંત્રમાં ઋષિ આપણને વાસ્તવિક વ્યવહારિક જીવન જીવવાનો માર્ગ દર્શાવે છે.

ભારત સરકાર અને યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સરકારના વન વિભાગને ઈન્ડિયા બાયોડાયવર્સિટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે

વ્હાલી વ્હેલ - શાર્ક બચાવો વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

આપણે પૃથ્વી પરના જમીન પર વસાવટ કરતાં જીવોને આપણે મોટા ભાગે ઓળખીએ છીએ. પરંતુ દરિયાઇ જીવો બાબતે આપણે ઘણું બધું જાણવાનું બાકી છે. આપણે પાણીના જીવોની વાત કરીએ ત્યારે સહુપ્રથમ આપણને માછળીઓ જ યાદ આવે છે અને દરિયાના ઘણાં બધાં જીવો માછળી ન હોવા છતાં આપણે તેને માછલી સમજીએ છીએ. કેટલાક દરિયાઇ જીવો માછળી ન હોવા છતાં આપણે તેને માછળીના નામ આપ્યા છે. જેમ કે તારા માછલી કે જેલી ફીશ જેવા દરિયાઇ જીવ માછલી ન હોવ છતાં તેના નામમાં માછલી તેનું કહેવાય છે. જયારે સમુદ્રી ઘોડા માછલી છે પણ તેના નામથી તે માછલી હોય તેવું જણાતુંન નથી.

માછળીઓના મુખ્ય બે પ્રકારો છે જેમાં બોની ફીશ (અસ્થિ મત્સ્ય) અને કાર્ટીલેજીનસ ફીશ (કાસ્થિ મત્સ્ય) નો સમાવેશ થાય છે. કાસ્થિમત્સ્ય માછલીઓમાં સ્કેટ્સ, શાર્ક અને રે માછલીઓ સામેલ છે. શાર્ક માછલીઓ ઝડપથી તરનાર અને ચપળ હોય છે. મોટા કદની આ માછલીઓની ચામડી જાડી હોય છે અને નાના દાંત જેવા ભીંગડા હોય છે. નળાકાર જેવા શરીરવાળી આ માછલીઓ દરિયાના ઊંડા પાણીમાં રહે છે. શાર્ક તેની સુંઘવાની શક્તિની મદદથી તેનો ખોરાક શોધી કાઢે છે. મરેલા જીવો અને સુક્ષ્મ વનસ્પતિઓ અને પ્રાણીઓ (પ્લાન્ક ટોન) અને મુપ્લાન્ક ટોન) ખાઇને આ માછલી જીવે છે.

ગુજરાતના દરિયા કાંઠે તે પીરોટન અને અન્ય ટાપુઓ તથા કચ્છના અખાતમાં પણ જોવા મળે છે. સૌરાષ્ટ્રનો દરિયા કાંઠો વિશ્વ કક્ષાએ વ્હેલ શાર્ક માછલીઓનાં બચ્ચા ઉછેર માટેના સ્થળ તરીકે જાણીતું બન્યું છે. આ માછલી ૧૨ મીટર જેટલી લંબાઇ ધરાવે છે અને અન્ય ખંડોના દરિયા કાંઠાઓ પરથી અરેબિયન સી (અરબી સમુદ્ર)માં સૌરાષ્ટ્રના દરિયા કાંઠે વેરાવળ, દ્વારકા, દીવ અને માંગરોળ ખાતે આવે છે.

વર્ષોથી સૌરાષ્ટ્રના દરિકાકાંઠે વ્હેલ શાર્ક માછલીનો શિકાર પરંપરાગત રીતે થતો રહ્યો હતો. એવું કહેવાય છે કે તે સમયે પ્રતિવર્ષ ૨૦૦ જેટલી વ્હેલ શાર્કનો શિકાર થતો હતો. વ્હેલ શાર્કની કિંમત વધુ મળતી હોવાથી તેના શિકારનું પ્રમાણ પણ વધું રહેતું હતું. વ્હેલ શાર્કના ફીન્સ, લીવર અને તેમાંથી મળતું તેલ ઘણી કિંમત અને માંગ ધરાવતું હતું.

વ્હેલ શાર્કના શિકારની સમસ્યાને મહત્ત્વની ગણીને ગુજરાત રાજય વનવિભાગે તેના બચાવ માટેનું અભિયાન હાથ ધર્યું, વર્ષ ૨૦૦૩માં રાજય દ્વારા વ્હેલ શાર્કને એન ડેન્જર જાતિ ગણીને રક્ષણ આપવમાં આવ્યું.

સમગ્ર રાજયમાં અને દેશમાં રામકથાકાર તરીકે જે પુજનીય મનાય છે તેવા પરમપૂજ્ય શ્રી મોરારી બાપુને 'વ્હેલ બચાવ અભિયાન'માં જોડીને તેમને રાજયના બ્રાંડ એમ્બેસેડર બનાવવામાં આવેલ છે.

વન વિભાગ દ્વારા જયારે કોઇ માછીમારની જાળમાં વ્હેલ શાર્ક પકડાય અને તેને છોડી મુકવામાં આવે છે અને ખાવા સમયે માછીમારની જાળને જે નુકશાન થયું હોય તે નુકશાનનું વળતર ૨૫૦૦૦ રૂ. આપવામાં આવે છે.

સંત શ્રી મોરારી બાપુ દ્વારા ખુબ જ સંવેદનાત્મક રીતે સ્લોગન જાહેર કરવામાં આવ્યું કે 'વ્હેલ શાર્ક આપણી દીકરી સમાન છે. જે રીતે આપણી દીકરી પિયરમાં સુવાવક માટે આવે છે તે જ રીતે વ્હેલ શાર્ક પણ આપણાં દરિયા કાંઠે દીકરીની જેમ સુવાવડ માટે આવે છે. આ સમયે આપણે સહુએ તેને આપણી વ્હાલી દીકરી સમાન ગણીને તેને બચાવી એ અને તે આપણાં સહુની ફરજ સમજીએ.'

સ્થાનિક લોકોના બહોળા સાથ-સહકાર અને સમર્થન-થકી આજે વ્હેલ શાર્કને સુરક્ષા મળી ગઇ છે. માછીમારો પણ દિલથી આ અભિયાનમાં જોડાઇ ગયા છે તે એક મોટી વાત છે.

ગુજરાત વન વિભાગ, વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા અને ઇન્ટરનેશનલ ફંડ ફોર એનિમલ વેલ્ફેર અને સ્થાનિક બિન સરકારી સંસ્થાઓનાં સબળ સહયોગના કારણે આ સંરક્ષણ અભિયાન રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ એક રોલ મોડલ સમાન બન્યું છે.

"સેવ વ્હેલ શાર્ક" કેમ્પેઇન હેઠળ વર્ષ ૨૦૦૪થી ૨૦૧૨ દરમિયાન ૩૦૬ વ્હેલ શાર્કને બચાવી લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ૫૭ જેટલી વ્હેલ શાર્કને જીવતી પરત દરિયામાં છોડવામાં આવી હતી અને આ માટે જે તે માછીમારોને કુલ ૫૭ લાખ રૂપિયા જેટલું માતબર વળતર પણ વન વિભાગ દ્વારા ચુકવવામાં આવેલ છે.

ભારત સરકાર અને યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સરકારના વન વિભાગને ઇન્ડિયા બાયોડાયવર્સિટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાતની જીવદયા પ્રેમી જનતા માટે આ એક ગૌરવવંતી વાત છે. આપણે સહુએ વ્હેલ શાર્ક જેવી માછલીને વ્હાલી દીકરી સમાન ગણીને આપણને થતાં આર્થિક લાભને ઠોકરે મારી તે વન્યજીવો પ્રત્યેની આપણી સંસ્કારીતાને ઉજાગર કરે છે. વિશ્વના દરિયાઓમાં આજે ૯૦ % થી વધુ મોટી પુખ્ય માછલીઓનો નાશ થઇ ગયો છે ત્યારે ગુજરાત રાજય પાસેથી વિશ્વની જનતા બોધપાઠ લે તો આવનારી પેઢી માટે પ્રાકૃતિક સૌંદર્ય અને જૈવ વૈવિધ્યપૂર્ણ જગતનો વારસો ભેટ કર્યાનો સંતોષ મેળવી શકીશું.

જમીનનો અવેજ મેળવ્યા બાદ માલીક વેચાણ દસ્તાવેજ રદબાતલ કરાવી શકે નહી, વ્યકિત પોતાના દુષ્કૃત્યનો લાભ મેળવી શકે નહી : ગુજરાત હાઈકોર્ટ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

કોઈ પણ મિલકતના માલીક દ્વારા પોતાની જમીન કે મિલકત અન્ય ત્રાહિત વ્યકિતને અવેજ મેળવી વેચાણ આપેલ હોય તો ત્યારબાદ મૂળ ખરીદનાર દ્વારા વેચાણ વ્યવહારની એન્ટ્રી રેવન્યૂ રેકર્ડમાં પાડવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ કારણસર ખરીદનારનું નામ રેવન્યૂ રેકર્ડમાં દાખલ થાય નહી તો તેવી તકનો લાભ લઈ મિલકત વેચાણ આપનાર આવો વેચાણ દસ્તાવેજ રદબાતલ કરાવવા કાર્યવાહી કરી શકે નહિ તેમજ ખરીદનારની રેવન્યૂ રેકર્ડમાં પડતી નોંધ તે અટકાવી શકે નહી આવા કિસ્સાઓમાં કાયદાકીય ગુંચ કે ટેકનીકલ કારણોનો લાભ વેચાણ આપનાર મેળવી શકે નહી તેમજ રેવન્યૂ રેકર્ડમાં ઉઠાવેલ ખોટા વાંધા કે તકરારો ચાલી કે ટકી શકે નહી તેમજ ગેરકાયદેસર રીતે આવી નોંધ પડકારેલ હોય તો પણ વેચાણ આપનારને લાભ આપી શકાય નહી. વેચાણ વ્યવહાર વેચનારે પોતાની જાણ સંમતીથી શુધ્ધબુધ્ધીથી અવેજ મેળવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન કે મિલકત ખરીદનારનો તરફેણમાં નોંધાવી આપ્યો હોય તેમજ વેચનારે ઉપજના અવેજ કે લાભો મેળવ્યા હોય ત્યારબાદ તે જ પક્ષકાર દ્વારા પોતાની જાણ સમંતી તેમજ સમંતી દ્વારા કરવામાં આવેલા તેવા વેચાણના વ્યવહારની કોઈ કાયદાકીય ક્ષતીને આધારે તેવા વેચાણ વ્યવહારને કાયદાની જોગવાઈનો બાધ નડતો હોવાના બહાના બતાવી વેચાણ આપનાર કે તે પૈકીના કોઈ એક પક્ષકાર તરફથી આવો વેચાણ વ્યવહાર રદબાતલ કરાવવા માટેની કાર્યવાહી કરવામાં આવે તો તેવી કાર્યવાહી વ્યાજબી તેમજ શુધ્ધબુધ્ધીની ગણવામાં આવતી નથી આવી કાર્યવાહી રદ થવા પાત્ર છે.

સદર કેસમાં નામદાર ગુજરાત હાઈકર્ટે સ્પષ્ટતા કરતા જણાવેલ છે વ્યકિત પોતાના દુષ્કૃત્યોનો ફાયદો ઉઠાવી શકે નહી તેમજ એકવાર જમીન / મિલકત વેચાણ કર્યા પછી ટેકનીકલ કારણોનો લાભ લઈ ખરીદનાર વ્યકિતના નામે રેકર્ડમાં એન્ટ્રી ફેરફાર ના થાય તો પોતાની એન્ટ્રીનો નવીન લાભ પણ મેળવી શકે નહી તેમજ નવીન વેચાણ વ્યવહાર નિરર્થક રદબાતલ તેમજ ગેરકાયદેસરનું ગણાય છે તેમજ આવા નવીન વેચાણ વ્યવહાર લગત જે તે વ્યકિત આવા પ્રકારની મિલકત લે તો તેના રેકર્ડની સબ રજીસ્ટ્રાર તથા રેવન્યૂ રેર્કડની ચકાસણી કરવાની જવાબદારી વેચાણ લેનારની છે. ખરીદનાર ચેતે તે ન્યાયોચીત નિયમ ખરીદનારને લાગુ પડે છે જમીન વેચાણ કાર્યબાદ તથા તે પેટેનો અવેજ ખીસ્સામાં મુકયા પછી સદર મિલકતના તમામ હકકો, વેચાણ આપનાર ગુમાવે છે આવા તમામ હકકો આપોઆપ જ વેચાણ લેનારની તરફેણમાં થઈ જાય છે. સ્પે. સી. એ. નં. ૭૪૬૯/૯૯ ના કેસમાં તા. ૩૧/૩/૨૦૧૪ ના રોજ ચુકાદો આપતા નામદાર ગુજરાત હાઈકોર્ટ વેચાણ આપનારના નવીન હકકોને સમાપ્ત કરતો ચુકાદો આપી વેચાણ લેનારને મોટી રાહત આપતો ચુકાદો આપેલ છે. સદર કેસના ચુકાદાથી વેચાણ લેનારની રેવન્યૂ એન્ટ્રી ખોટી રીતે ગેરહકકે ગેરકાયદેસરરીતે પડકારી તે લગત ખોટા અવેજ ત્રાહિત વ્યકિત પાસેથી મેળવ્યા હોય તો જે તે લગત વેચાણ લેનારને કોઈ જ લેવા દેવા નથી આવો અવેજ વેચાણ આપનારે જ પરત કરવાનો થાય છે જમીન મિલકત ખરીદનારને ખોટા નાણાકીય તથા કાયદાકીય ખર્ચમાં ઉતારી શકાય નહી સદર કેસમાં તલાટી કમ મંત્રીએ વેચાણ લેનારની નોંધ મંજુર કરતા તે સામે વેચાણ આપનારે મામલતદારશ્રી સમક્ષ તકરાર ઉઠાવેલ જે તકરાર મામલતદારશ્રીએ રદ કરતા ત્યારબાદ ક્રમશઃ કેસો અગ્ર સચિવ સુધી વાંધા તકરારો વેચનારે ઉઠાવેલ ત્યારબાદ અગ્રસચિવના હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદર સીવીલ પીટીશન દાખલ થતા ગુજરાત હાઈકોર્ટે વેચનાર તથા લેનાર ખેડૂત ખાતેદાર હોય અન્ય ટેકનીકલ વાંધાઓ ગ્રાહ્ય રાખી શકાય તેમ ના હોય વેચનારને જમીન વેચાણ કર્યા બાદ કોઈ જ હકક, અધિકાર રહેતો ના હોય તેને ઉઠાવેલ વાંધાઓ રદબાતલ જાહેર કરી જમીન વેચાણ લેનારના નામે મામલતદારશ્રી એ પ્રમાણિત કરેલ નોંધ કાયદેસર અને ખરી હોય રદબાતલ કરવા માટે કોઈ જ કારણ રહેતુ નથી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ એવા તારણ ઉપર આવેલ કે કોઈપણ વ્યકિત પોતાના દુષ્કૃત્યનો ફાયદો ઉઠાવી શકે નહી. કથીત જમીન વેચાણ કર્યા બાદ તેમજ વેચાણ અવેજની રકમ મેળવ્યાબાદ જમીન ઉપરના તમામ હકકો વેચાણ આપનારે ગુમાવેલ ગણાય વેચાણ બાદનો તમામ હકક માલીકીપણાના મૂળ માલીક દ્વારા કરવામાં આવેલા તમામ વેચાણ વ્યવહારો જે શરતી હોય તો પણ ગેરકાયદેસરના રદબાતલ જ ગણાય અવેજ મેળવ્યા બાદ જમીન / મીલકત વેચાણની ફેરફાર નોંધોને પડકારવાનો હકક ગુમાવે છે.